# ગાંધીનગરમાં રાજ્યના ૪૪ શિક્ષકોનું સન્માન

## શિક્ષકના કાર્ય સાથે જ જ્ઞાન સાધના-સંસ્કાર-સંસ્કૃતિનો વૈભવ સંકળાયેલા છે : રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૫
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યપાલ શ્રી આચાર્ય



દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતીમાં શિક્ષક દિન અવસરે રાજ્યના ૪૪ શિક્ષકો-ગુરૂવર્યોનું તેમની શ્રેષ્ઠતા-ઉત્કૃષ્ટતા માટે રાજ્ય સન્માન શિક્ષક એવોર્ડથી ગાંધીનગરમાં કર્યુ હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ રાજ્યપારિતોષિક વિજેતા ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોને શોલ-સ્મૃતિચન્હ અને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને સમાજની ભાવિ પેઢીના અને શિક્ષીત-દિક્ષીત સમાજના નિર્માતા તરીકે નવાજતાં કહ્યું કે, આજે જ્યારે સૌ કોઈ પહેલાં પોતાની કેરિયર-કારકીર્દીનો વિચાર કરતા હોય છે ત્યારે શિક્ષક સમુદાય સ્વ નો નહિ, સમષ્ટિનો વિચાર કરીને શિક્ષા-દિક્ષાથી સુસજ્જ ભાવિ પેઢીના નિર્માણના નોબેલ પ્રોફેશનની ગરિમા વધારે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભવિષ્યના ભારતના રોલ મોડેલ તરીકે ગુજરાત અગ્રેસર રહે અને નૈતિક મૂલ્યો, માનવીય મૂલ્યોના આધારે શિક્ષા-દિક્ષા વિકસાવીને રાષ્ટ્રનિર્માણ, વસુધાના કલ્યાણના ગુણો ભાવિ પેઢીમાં કેળવવા શિક્ષકોને પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકો ભાવિ પેઢીને વિશ્વના પડકારો ઝિલવા સક્ષમ બનાવે છે તેની ભૂમિકા આપતાં કહ્યું કે, ખાસ કરીને પ્રાથમિક શાળાના બાળકોના ઘડતરનું ઉત્તમ સેવાકાર્ય શિક્ષકોને સમાજમાં ઊંચું સ્થાન અપાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ શિક્ષણ નીતિમાં શિક્ષકની સજ્જતાને પણ અહેમિયત આપવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, સમર્થ શિક્ષકોના યોગદાનથી



સમર્થ રાષ્ટ્ર-સમર્થ રાજ્ય બનાવવાની આપણી નેમ છે.


રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવનારા શિક્ષકોને બિરદાવીને અભિનંદન આપતા કહ્યું કે, ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપી છે ત્યારે આપણે સૌએ નવી જવાબદારી સાથે આગળ વધવાનું છે. સમાજ પણ આપણને અલગ નજરથી જોઈને આપણી અપેક્ષાઓમાં બદલાવ સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા આશા રાખી રહ્યો છે તે આપણે સૂપેરે પરિપૂર્ણ કરવાની છે.

શ્રી ચુડાસમાએ નવી શિક્ષણ નીતિ માટે દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતે સ્થાનિક ભાષામાં નીતિનું ભાષાંતર કરીને ...ઈ ગાંધીનગર દ્વારા જે પ્રયાસ કર્યો છે તેને બિરદાવીને યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ વર્તમાન કોરોના કાળમાં પણ શિક્ષણ વિભાગે વર્ચ્યુઅલ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડ્યું છે એમાં આપનો સહયોગ વ્યાપક રહ્યો છે એ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ વસંત વગડાનું નામ બદલીને વસંત વિહાર રાખ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ તેમની સ્વૈચ્છીક નિવૃત્તિની અરજી પાછી ખેંચી લીધી છે.
- એ.એ. રામાનુજને રાજ્ય સરકારે રાજ્ય ચૂંટણી પંચના સંયુક્ત કમિશનરપદે નિયુક્ત કર્યા છે. તેઓ ૨૦૦૯ની બેંચના નિવૃત્ત સનદી અધિકારી છે.
- ગાંધીનગર કોમર્સ કોલેજ ખાતે શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે પૂર્વ અધ્યાપકો, પૂર્વ વિદ્યાર્થીઓ સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌએ જુના સંસ્મરણોને વાગોળ્યા હતા.
- સચિવાલય સંવર્ગના અધિકારીઓની ગઈકાલે મોડી રાત્રે કરાયેલ બદલીઓ આજે સંકુલમાં સૌથી વધુ ચર્ચાનો મુદ્દો હતી. આ બદલીઓએ તંત્રમાં ધરમૂળથી ફેરફારો કરાયા હોવાથી કેટલાક મંત્રીઓ પણ આશ્ચર્ય આજે પ્રગટ કરતા જણાયા હતા.
- ગુજરાત સરકારે હવે ગ્રામીણ મતદારોને મનાવવા માટેની મહત્વની કામગીરી હાથ ધરી છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના ડેડી, આ મારા ટીચર જ છે... કોરોનાને કારણે સ્કુલ બંધ થઈ ગઈ ને તેમાં આ બીઝનેસમાં આવી ગયા છે...

### ફતેપુરામાં સડેલા ગોળનું વેચાણ કરવા આવેલા ત્રણ ઝડપાયા

સેકટર-૭ પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એમ.ચૌધરી ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા બેચરભાઈ ગેબાભાઈને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા સેકટર-૧૫ ફતેપુરા ખાતે ટાટા-૭૦૯ ટ્રકમાંથી સડેલા ગોળના કુલ ૨૦ કટ્ટા ઝડપી પાડી રજીસ્ટરમાં જાણવા જોગ નોંધ કરી ગોળ એફએસએલ ખાતે ચકાસણી કરવા માટે મોકલી આપવા માટે કવાયત હાથ ધરી છે.

# શિક્ષિત બેરોજગાર સમિતિ દ્વારા ધરણા

## સેક્ટર-૧૬, ૨૧ અને વસંત વગડા ખાતે ધરણાના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો




હતો. જયારે શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યો પોલીસના કડક બંદોબસ્તને પગલે દિનેશ બાંભણીયા સહિત ૧૦૦ થી વધુ આંદોલનકારી શંકરસિંહ બાપુના નિવાસ સ્થાન વસંત વગડાના પાર્કીંગમાં ધરણા પર બેસી ગયા હતા. જયારે પોલીસે બાપુના નિવાસ સ્થાનની બહાર બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જયારે પોલીસે સેકટર-૧૬ યુથ હોસ્ટેલમાંથી ૫૪ અને સેકટર-૨૧ માંથી ૭ આંદોલનકારીઓને પકડી પાડી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

મળતી માહિતી મુજબ રાજયના શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યો દ્વારા આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે આજે રાજયમાં અટકી પડેલી વિવિધ સંવર્ગની ભરતીઓ, લેવાયેલી પરિક્ષાની બાકી નિમણુંકો, બાકી પરિણામો, તેમજ અગાઉ જાહેર થયેલી પરિક્ષાની નવીતારીખ જાહેર કરવા સહિતની પડતર માંગણીઓ મુદ્દે આંદોલન છેડાયું છે. પોતાના પડતર પ્રશ્ન મુદ્દે બેરોજગાર સમિતિએ ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી. ત્યારે શનિવારના રોજ રાજયના વિવિધ જગ્યાએથી આવેલા બેરોજગાર સમિતિના



સભ્યોને પોલીસે પકડી પાડી આંદોલનને ડામી દેવા પ્રયાસ કર્યો હતો. પોલીસે સેકટર-૨૧ પોલીસ મથકથી માઉન્ટ કાર્મેલ તરફ જવાના માર્ગ પરથી ૭ અને સેકટર-૧૬ યુથ હોસ્ટેલના પ્રાંગણમાંથી ૫૪ યુવાનોને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ વિના એકઠા થયેલા તમામ સામે મહામારી અધિનિયમ અને જાહેરનામા ભંગ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગુજરાત સાયન્સ સિટીએ રાષ્ટ્રીય શિક્ષક દિનની ઉજવણી કરી

ગુજરાત સાયન્સ સિટીએ રાષ્ટ્રીય શિક્ષક દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે શ્રી એમ.એન.શુક્લા એજ્યુકેશન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપલ ડો.સંજય ઠાકરેએ 'કોવિડ-૧૯ મહામારીમાં શિક્ષણ : પડકારો અને તકો' પર લાઈવ સેશન કર્યું હતું.

# વર્ગને સ્વર્ગ બનાવવાનું કામ શિક્ષકો કરી રહ્યા છે : રીટાબેન પટેલ

## શિક્ષક દિન નિમિત્તે જિલ્લાના આઠ શ્રેષ્ઠ શિક્ષકોનુ પારિતોષિક આપી સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૫
શિક્ષક માત્ર અક્ષરજ્ઞાન આપવાનું કે જીવનનિર્વાહ માટેનું પ્લેટફોર્મ જ તૈયાર કરી આપવાનું કામ નથી કરતા પણ સાથે સાથે જીવનને સાર્થક બનાવવા માટેના મૂલ્યોનું પણ બાળમાનસમાં સિંચન કરવાનું ઉમદા કાર્ય કરી રહ્યાં છે, તેવું આજરોજ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારંભમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી રીટાબેન પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે આવેલી શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે યોજાયેલ ગાંધીનગર જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારંભમાં મેયર શ્રીમીતી રીટાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રની ચડતી-પડતીનો આધાર એના શિક્ષણ પર રહેલો છે. શિક્ષણ થકી વ્યક્તિનું ઘડતર થાય છે. વ્યક્તિ થકી સમાજ અને સમાજથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે. કોઈપણ મહાન વ્યક્તિના જીવનમાં શિક્ષકનો પ્રભાવ આગવો હોય છે. સમાજ ઘડતરનું કામ કરનાર શિક્ષકો થકી બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય છે.

મેયર શ્રીમતી રીટાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે, સમાજમાં સૈનિક અને શિક્ષકને સૌ કોઈ સન્માનની નજરે જોવે છે, સૈનિક સરહદ ને સાચવે છે. તો સમાજનું ઘડતર કરીને શિક્ષકો સમાજને સાચવે છે. વર્ગને સ્વર્ગ બનાવવાનું કામ શિક્ષકો કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક શ્રી જસંવતકુમાર બાબુભાઈ ચૌધરી, પી.આર.ઠક્કર વિધાવિહાર, મગોડી, શ્રી અનિલકુમાર કાંતિલાલ પ્રજાપતિ – પાલડી રાઠોડ પ્રાથમિક શાળા,માણસા, શ્રી સંજયકુમાર વિષ્ણુભાઈ પટેલ-




મોટી મરોલી પ્રાથમિક શાળા, દહેગામ અને શ્રી મેહુલકુમાર હર્ષનલાલ સુથાર- લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા, કલોલને રૂપિયા ૧૫ હજારનો ચેક, પ્રમાણપત્ર અને શાલ ઓઠાડી સન્માન કરવામાં આવ્યું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષક શ્રીમતી ચંન્દ્રિકાબેન મોહનસિંહ વસાવા, કલોલ-૪ પ્રાથમિક શાળા, શ્રી બિપિનપૂરી હસમુખપૂરી ગોસ્વામી- જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા, દહેગામ, શ્રી પ્રશાંતકુમાર ગૌતમભાઈ શર્મા, સાણોદા આદર્શ પ્રાથમિક શાળા, દહેગામ અને શ્રીમતી અસ્મિતાબેન હિરાગીરી સમૌ કન્યા પ્રાથમિક શાળા, માણસાનું પ્રમાણપત્ર, રૂપિયા ૫ હજારનો ચેક અને શાલ ઓઠાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મેયર શ્રીમતી રીટાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, શિક્ષણ સમિતિ, ગાંધીનગનરના ચેરમેન શ્રીમતી કીર્તિબેન પી. પટેલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. ભરત વઢેરે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી અર્ચનાબેન વી. પ્રજાપતિએ આભારવિધી કરી હતી. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ પટેલ, શિક્ષક સંઘના અગ્રણીઓ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજ્યમાં પાંચ મહિનામાં ૨૦,૦૦૦ ભરતી કરશે : રૂપાણી

ગાંધીનગર,તા.૫
મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં યુવાનોની રોજગારીને લઈને મોટી જાહેરાત કરી છે. સીએમ રૂપાણીએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે તેમનાં નિમણૂંક પત્રો આપવાની જાહેરાત કરી છે. સરકારે ૮ હજારથી વધુ નિમણૂંકપત્રો આપવાનો આદેશ કર્યો છે. આગામી ૫ મહિનામાં ૨૦,૦૦૦ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જીપીએસસી-ગૌણ સેવા પસંદગી મંડળ-પંચાયત સેવા પસંદગી મંડળ-પોલીસ-સામાન્ય વહિવટ વિભાગ-શિક્ષણ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં ભરતી પ્રક્રિયા અંગેના મહત્વપૂર્ણ આદેશો આપ્યાં છે.

યુવાનોને વ્યાપકપણે સરકારી નોકરીની તક મળે તે માટે મુખ્યમંત્રી રૂપાણીએ યુવા રોજગારલક્ષીને લઈ મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં તેઓએ રાજ્યમાં સરકારી નોકરીમાં ભરતી માટેની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે તેવી તમામ જગ્યાઓ સહિત ૮ હજાર જગ્યાઓ માટેનાં નિમણૂંકપત્રો તાત્કાલિક ધોરણે આપવા અંગેનો આદેશ કર્યો છે.

એટલે કે આગામી સમયમાં રાજ્યમાં ભરતી અને નિમણૂંક પ્રક્રિયા શરૂ થશે. સરકારી વિભાગોમાં રોજગારીની નવી તકો ઉભી થશે. રાજ્યનાં વિવિધ વિભાગોમાં છેલ્લાં ૪ વર્ષોમાં સવા લાખ ભરતી કરાઈ છે. ત્યારે હવે અટકેલી સરકારી નોકરીઓની ભરતી તાત્કાલિક ધોરણે કરાશે.

આગામી ૫ મહીનામાં રાજ્યનાં ૨૦ હજારથી વધુ યુવાઓને સરકારી નોકરીની ઉત્તમ તક મળશે. તાજેતરમાં જ એક અહેવાલ મુજબ કેન્દ્ર સરકારમાં પણ ભરતી પ્રક્રિયા હાલમાં મોકૂફ હાલતમાં છે. એવામાં રાજ્યમાં આગામી ૫ મહિનામાં ૨૦,૦૦૦ યુવાનો માટે સરકારી નોકરીની નવી તકો ખુલતા ગુજરાતના અનેક યુવાનોમાં એક આશાનું કિરણ જાગ્યું છે.

ઉલ્લેખનીય છે કે ભરતી પ્રક્રિયા મુદ્દે મુખ્યમંત્રી રૂપાણીએ પરીક્ષાના પરિણામોની યાદી મંગાવી હતી. સરકારી ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા માટે રૂપાણી સરકારે કવાયત હાથ ધરી હતી. એ માટે જીપીએસસીની ૧૦૩ પેન્ડિંગ ભરતીના પરિણામોની યાદી મેળવવામાં આવી હતી. આ મામલે ગઈ કાલે જીએસએસએસબીનાં અધ્યક્ષ અસિત વોરા સાથે મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં એક બેઠક પણ યોજાઈ હતી.

# વિધાનસભામાં કોરોના સામે તકેદારીના તમામ પગલાં લેવાયા : રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૫
કોવીડ મહામારીના અનુસંધાને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ શરૂઆતથી જ તકેદારીના પગલાં લીધા હતા. વિધાનસભા સંકુલમાં પ્રવેશતા તમામ વ્યક્તિઓનું થર્મલ સ્કેનીંગ, સેનીટાઈઝર કરવામાં આવે છે. તમામ સ્ટાફના ટેબલ પર સેનીટાઈઝર મુકેલ છે. સંકુલના તમામ સ્ટાફ તથા મિટીંગ માટે આવતા ધારાસભ્યોને માસ્ક વિતરણ કરવામાં આવ્યા છે. સમગ્ર કચેરી બિલ્ડીંગ અવારનવાર સેનીટાઈઝ કરવામાં આવે છે. યુ.વી. લાઈટથી કચેરી તથા મિટીંગ ખંડોને સેનીટાઈઝ કરવામાં આવે છે. ફાઈલોને યુ.વી. લાઈટથી સ્કેનીંગ કરવામાં આવે છે. અધ્યક્ષે અવારનવાર કચેરીઓની સરપ્રાઈઝ મુલાકાત લઈ માસ્ક વગર ફરતા અધિકારી/કર્મચારીઓને દંડ કર્યો છે તથા યોગ્ય રીતે માસ્ક પહેરવા તાકીદ કરી છે.

અધ્યક્ષની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ તા. ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ વિધાનસભાના અધ્યક્ષ, સચિવ સહિત તમામ અધિકારીઓ/કર્મચારીઓ, વિરોધપક્ષના નેતાનું કાર્યાલય,



દંડકના કાર્યાલયો, સફાઈ કામદારો, સંકુલમાં આવેલી કેન્ટીનનો તમામ સ્ટાફ, સલામતી સ્ટાફ, હોમગાર્ડ સહિત સંકુલમાં હાજર કુલ ૩૧૫ લોકોના કોરોના રેપીડ એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. વિધાનસભા સંકુલ ખાતે આગોતરા તકેદારીના પગલાંઓના કારણે તમામ લોકોના રેપીડ એન્ટિજન ટેસ્ટ નેગેટીવ આવ્યા છે.

છેલ્લા ૧૨ દિવસથી રજા પર રહેલા માત્ર ૧ કર્મચારી હાલ કોરોના પોઝીટીવ છે અને હોમ ક્વોરોન્ટાઈન છે. આમ આગામી વિધાનસભાનું સત્ર શરૂ થવાનુ છે, ત્યારે અધ્યક્ષની દીર્ઘદ્રષ્ટા આયોજનથી વિધાનસભા સંકુલમાં ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓ કોરોનાના ભયથી મુક્ત થઈ સ્વસ્થતાથી ફરજ બજાવી શકશે.

**જાહેરનામું**
**મહેસૂલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ : ૧૩/૦૮/૨૦૨૦**
**જાહેરનામું**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**
**ગામ : મહેસાણા, તા. જિ. મહેસાણા**
**ક્રમાંક : જ.સં./રા.ધો./વ.કે.નં.૪/૧૮**
**નં.અમ-૨૦૨૦-૪૮૫-મ-જમહ-૧૪૧૮-૨૪૦૨-ઘ**

આ સાથેની અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, 'મહેસાણા નગરપાલિકામાં ધોબીઘાટ થી જીઈબી રોડ' (જેનો આમાં હવે પછી 'જાહેર હેતુની યોજના' એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે નગરપાલિકા મહેસાણા (ભારત સરકાર અને ગુજરાત સરકારનું ખાસ ઉદ્દેશીત માધ્યમ) (જેનો આમાં હવે પછી 'સંપાદક સંસ્થા' એક ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ને જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, તા. ૫-૧૨-૨૦૧૮ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંક : અમ-૨૦૧૮-૭૯૯-મ-જમહ-૧૪૧૮-ઘ તા. ૫-૧૨-૨૦૧૮થી ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમા હવે પછી 'સદરહું અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૧૦એ અધિનિયમ નં. ૧૨ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં 'મહેસાણા નગરપાલિકામાં ધોબીઘાટ થી જીઈબી રોડ'ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને 'સદરહું અધિનિયમ'ના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે અને,

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે 'સદરહું અધિનિયમ'ની કલમ-૪૩ (૧)ની પેટાકલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંક : અમ - ૨૦૧૯ - ૨૯૦ - મ - જમઅ - ૧૨૧૯ - ૪૭૬ - ઘ, તા. ૨૪-૫-૨૦૧૯ પ્રાન્ત અધિકારી, મહેસાણાને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટમાં બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહું અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ - ૧૧ની પેટા કલમ - (૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંક : અમ - ૨૦૧૯ - ૬૩૦- મ- જમહ - ૧૪૧૮ - ૨૪૦૨ - ઘ, તા. ૧૬-૧૦-૨૦૧૯થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, 'સદરહું અધિનિયમ'ની કલમ-૧૫ની પેટા કલમ-૨ નીચેના જિલ્લા કલેક્ટર, મહેસાણાના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહું અનુસૂચિત જમીનો સદરહું 'જાહેર હેતુની યોજના' માટે જરૂરી છે અને

૫. તેથી હવે, 'સદરહું અધિનિયમ'ની કલમ-૧૯ (૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી સત્તાવાર જાહેરાત કરે છે કે, સદરહું અનુસૂચિત જમીનો સદરહું 'જાહેર હેતુની યોજના' માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, 'સદરહું અધિનિયમ'ની કલમ - ૩ (જ)થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, 'સદરહું અધિનિયમ' નીચેના હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે, બીજા વધારાના પ્રાન્ત અધિકારી, મહેસાણાની નિમણૂક કરે છે.

(૭) સદરહું અનુસૂચિત જમીનોના નકશા, બીજા વધારાના પ્રાન્ત અધિકાર, મહેસાણાની કચેરી ખાતે તપાસી શકશે.

**અનુસૂચિ**

'મહેસાણા નગરપાલિકામાં ધોબીઘાટથી જીઈબી રોડ'ની હદમાં સમાવિષ્ટ થતી સંપાદન કરવાની જમીનનું સંક્ષિપ્ત વિવરણ

જિલ્લો : મહેસાણા તાલુકો : મહેસાણા મોજે : મહેસાણા

| અનુ. | એફ.પી.નંબર | સર્વે નં./બ્લોક નં. | જમીનનો વિસ્તાર (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ |
| ૧ | - | ૫૦ | ૦-૧૧-૭૦ |
| ૨. | - | ૧૦૭૮ | ૦-૦૯-૨૫ |
| | | કુલ | ૦-૨૦-૯૫ |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે
**(સહી/-)**
**(એચ. જે. રાઠોડ)**
**ઉપસચિવ (જિ. સં.)**
**ક્રમાંક : નામાનિ / મહે/૧૮૩/૨૦-૨૧** **મહેસૂલ વિભાગ, ગાંધીનગર**